પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
આરીયા- ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૦૫ | ૪ ઓક્ટોબર, ૨૦૧૮, ગુરૂવાર; ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

પૂર્વ સાંસદ-કોંગી મીડિયા સેલ પ્રમુખનુ રાજીનામુ

કોંગ્રેસની સોશીયલ મીડિયા સેલ પ્રમુખ દિવ્યા સ્પંદનાએ પોતાના પદથી રાજીનામુ આપી દીધુ છે. પાર્ટીમાં તેઓએ કોઈ નવી જવાબદારી મળવાની હોવાથી તેઓએ રાજીનામુ આપ્યુ હોવાની ચર્ચા છે.

ઈન્સ્ટાગ્રામ અચાનક બંધ થતા અફરાતફરી

સોશીયલ મીડિયા એપ ઈન્સ્ટાગ્રામે અચાનક કામ કરવાનું બંધ કરી દીધુ હતુ. તેના પર થોડાક સમય માટે પ્રોફાઈલ કે ફોટો જોવા મળ્યા ન હતા. એપના વેબ વર્ઝનમાં પણ મુશ્કેલીઓ જોવા મળી હતી.

જીયો ખરીદશે કેબલ કંપની

રિલાયન્સ જીયો ટૂંક સમયમાં સૌથી મોટી બ્રોડબેન્ડ અને કેબલ ઓપરેટર કંપની ખરીદવા જઈ રહી છે. હેથવે દેશની સૌથી મોટી મલ્ટી સિસ્ટમ ઓપરેટર કંપની છે. હેથવે કંપનીને હસ્તગત કરવા રિલાયન્સ જીયો વાટાઘાટો કરી રહી છે.

ઈન્દોર-ભોપાલમાં મેટ્રોને મંજૂરી

મધ્યપ્રદેશના બે મોટા શહેરો ઈન્દોર અને ભોપાલ ટૂંક સમયમાં મેટ્રો ટ્રેનની સુવિધા સાથે જોડાશે. આ બંને શહેરો માટે મેટ્રો ટ્રેનને મંજૂરી મળી ગઈ છે. કેન્દ્રિય મંત્રી રવિશંકર પ્રસાદે આ અંગે જાણકારી આપી છે.

ડોલર સામે રૂપિયામાં કડાકો

૭૩.૩૪ની ઐતિહાસિક નીચી સપાટીએ : શેરબજારમાં પણ ભૂકંપ : ક્રૂડ ઓઈલના ભાવ વધતાં ભારતીય રૂપિયો ગગડ્યો : ઘરેલુ સ્તર પર નિકાસ ઘટતાં રૂપિયો સતત દબાણમાં, અનાજથી માંડી સાબુ, શેમ્પુ સહિતની રોજબરોજની ચીજવસ્તુઓ મોંઘી થશે

ન્યુ દિલ્હી,તા.૩

ભારતીય રૂપિયામાં ઘટાડાનો દોર સમાપ્ત થવાનું નામ નથી લેતો. ગઈકાલે બજાર બંધ રહ્યા બાદ આજે રૂપિયો અત્યાર સુધીના સૌથી નિચલા સ્તરે પહોંચી ગયો છે. અત્યારે રૂપિયો ડોલરના મુકાબલે ૭૩.૩૪ ઉપર ટ્રેડ કરી રહ્યો હતો. અત્રે નોંધનીય છે કે, રૂપિયો પહેલીવાર ૭૩ની સપાટી પાર કરી ગયો છે. રૂપિયામાં આ ઘટાડાનું મુખ્ય કારણ ક્રૂડ ઓઈલના વધતા ભાવને ગણવામાં આવે છે. ઘટતા રૂપિયાની અસર શેરબજાર પર પડી છે. આ લખાય છે ત્યારે સેન્સેક્સ ૨૭૪ પોઈન્ટ ઘટીને ૩૬૨૫૧ અને નીફટી ૯૭ પોઈન્ટ ઘટીને ૧૦૯૧૦ ઉપર ટ્રેડ કર્યું હતુ. ડોલર સામે રૂપિયો તૂટતા હવે મોંઘવારીનો રાક્ષસ બિહામણી રીતે ધૂણે તેવી શકયતા છે.

રૂપિયો સોમવારે ૭૨.૯૧ ઉપર બંધ થયો હતો. ગાંધી જયંતિની કારણે કરન્સી માર્કેટ બંધ હતી. આજે ડોલરના મુકાબલે રૂપિયો ૩૩ પૈસાના ઘટાડા સાથે ૭૩.૨૪ પર ખૂલ્યો હતો જે અત્યાર સુધીનુ સૌથી નિચલુ સ્તર છે. આ લખાય છે ત્યારે ડોલર સામે રૂપિયો ૭૩.૩૪ ઉપર ટ્રેડ કર્યો હતો.

રૂપિયો ૭૩ની ઉપર ચાલ્યો જતા હવે મોંઘવારી વધશે. ક્રૂડના ભાવ વધવા, ટ્રેડ વોર, ચાલુ ખાતાની ખાધ વધવાની આશંકા,

● અનુસંધાન પાન-૭ પર

રંજન ગોગોઈનો મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શપથવિધિ

નવા સીજેઆઈ ગોગોઈ પાસે ઘર, કાર નથી : રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત કાર્યક્રમમાં ગોગોઇને શપથ લીધા : ગોગોઇ પર કોઇપણ પ્રકારનું દેવું પણ રહેલું નથી

નવી દિલ્હી,તા. ૩

જસ્ટીસ રંજન ગોગોઇએ આજે દેશના ૪૬માં સીજેઆઇ અથવા તો ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડિયા તરીકે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત કરવામાં આવેલા કાર્યક્રમમાં તમામ ટોપની હસ્તીઓ હાજર રહી હતી. રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. સવારે પૌણા ૧૧ વાગે આ શપથવિધી યોજવામાં આવી હતી. સીજેઆઇ બનનાર તેઓ પૂર્વાંચલના પ્રથમ જજ છે. તેમના પિતા આસામના મુખ્યપ્રધાન રહી ચુકયા છે. આ પહેલા પૂર્વ સીજેઆઇ દિપક મિશ્રા સુપ્રીમ કોર્ટના સ્થાયી જજ તરીકે ૨૧ વર્ષની સેવા બાદ નિવૃત થયા હતા. તે પૈકી ૧૪ વર્ષ સુધી તેઓ જુદી જુદી હાઇકોર્ટમાં જજ તરીકે રહ્યા હતા. જસ્ટીસ ગોગોઇ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૧ના દિવસે ગુવાહાટી હાઇકોર્ટના જજ બન્યા હતા. ૨૩મી એપ્રલ ૨૦૧૨ના દિવસે સુપ્રીમ

● અનુસંધાન પાન-૭ પર

શેર બજારમાં ફરી હાહાકાર

સેંસેક્સ ૫૫૧ પોઇન્ટ ઘટીને આખરે બંધ : મૂડીરોકાણકારોએ ફરી એકવાર જંગી નાણાં ગુમાવી દીધા : ટીસીએસના શેરમાં ૪.૩૫ ટકા અને મહિન્દ્રામાં ૬.૮૦ ટકાનો ઘટાડો થયો ક્રૂડની કિંમતમાં અવિર વધારો અને રૂપિયામાં ઘટાડાથી રોકાણકારો ચિંતાતુર

મુંબઇ,તા. ૩

શેરબજારમાં આજે ફરી એકવાર હાહાકારની સ્થિતિ રહી હતી. મુડીરોકાણકારોએ જંગી નાણા ગુમાવી દીધા હતા. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટીસીએસ, એક્સિસ બેંક સહિતના શેરોમાં મોટો કડાકો બોલાઈ ગયો હતો. ક્રૂડ ઓઈલની વધતી જતી કિંમતો અને ડોલર સામે રૂપિયામાં ઘટાડો થઈ રહ્યો છે. આજે ઉથલપાથલનો દોર જારી રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૫૫૧ પોઈન્ટ ઘટીને ૩૫૯૭૬ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફટી ૧૫૦ પોઈન્ટ ઘટીને ૧૦૮૫૮ની નીચી સપાટીએ રહ્યો હતો. નિફટીએ ૧૧ હજારની સપાટી કુદાવી દીધી હતી. સેંસેક્સમાં આજે મહિન્દ્ર એન્ડ મહિન્દ્રાના શેરમાં ૬.૮૦ ટકા, ટીસીએસના શેરમાં ૪.૩૫ ટકા, એક્સિસ બેંકમાં ૩.૮૬ ટકા, મારુતિમાં ૩.૩૧ ટકા, ભારતી એરટેલમાં ૨.૬૫ ટકા, રિલાયન્સમાં ૨.૫૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. રિલાયન્સના શેરમાં પણ ઘટાડો તીવ્રરીતે નોંધાયો હતો. ઈરાન ઉપર અમેરિકાએ પ્રતિબંધ મુક્યા બાદ ક્રૂડની કિંમતના ભાવ

● અનુસંધાન પાન-૭ પર

મહાગઠબંધનમાં પ્રથમ ગ્રાસે મક્ષિકા : માયાવતીનું નવુ ત્રાગુ

એમપી-રાજસ્થાનમાં કોંગ્રેસ સાથે જોડાણ ન કરવા માયાની જાહેરાત : લોકસભા ચૂંટણી પહેલા વિપક્ષી એકતાને મરણતોડ ફટકો : બસપને ખતમ કરવાના પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યા છે : કોંગ્રેસનો સફાયો છતાં તે ભાજપને એકલા હાથે હરાવવાના સપના જુએ છે : માયાવતી

નવીદિલ્હી, તા. ૩

બહુજન સમાજ પાર્ટીના વડા

માયાવતીએ આજે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં આગામી વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીને મરણતોડ ફટકો આપી દીધો હતો. માયાવતીએ આજે સાફ શબ્દોમાં જાહેરાત કરી હતી કે, આ બંને રાજ્યોમાં કોંગ્રેસની સાથે કોઈપણ પ્રકારનું ગઠબંધન કરવામાં આવશે નહીં. માયાવતીએ એમ પણ કહ્યું હતું કે, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં બહુજન સમાજ પાર્ટી એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે. માયાવતીએ કોંગ્રેસ પાર્ટી ઉપર આજે આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા બહુજન સમાજ પાર્ટીને ખતમ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. માયાવતીએ ભાજપને

હરાવવા માટેના કોંગ્રેસના ઈરાદાને લઈને પણ પ્રશ્નો કર્યા હતા. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં માયાવતીએ કહ્યું હતું કે, દિગ્વિજયસિંહ જેવા કોંગ્રેસના નેતાઓ ઈચ્છતા નથી કે, કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટી વચ્ચે કોઈપણ પ્રકારના ગઠબંધન થાય. આ લોકો ઈડી, સીબીઆઈ જેવી સંસ્થાઓથી ભયભીત થયેલા છે. બહુજન સમાજ પાર્ટીના વડાએ કહ્યું હતું કે, દિગ્વિજયસિંહ ભાજપના એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. દિગ્વિજયસિંહે એવું નિવેદન કર્યું છે કે, માયાવતી પર કેન્દ્ર સરકાર તરફથી એટલું બધુ દબાણ છે કે, કોંગ્રેસ પાર્ટી સાથે તેઓ જોડાણ કરવા માટે તૈયાર નથી. માયાવતીએ કહ્યું હતું કે, આ પ્રકારના આક્ષેપો બિલકુલ આધાર વગરના છે.

● અનુસંધાન પાન-૭ પર

સફાઈ કામદાર જોઈએ છે
શાલીન ગેલેરીયા કોમ્પલેક્ષ
ગ-૧ સર્કલની પાસે, આર.ટી.ઓ. ઓફીસની નજીક, ગાંધીનગર
મો. ૯૭૧૨૯ ૪૩૫૦૦

આજથી રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ભારતની મુલાકાતે

ન્યુ દિલ્હી,તા.૩

રશિયાનાં રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન ૪ ઓક્ટોબરે ભારતનાં બે દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. આ દરમિયાન ભારત અને રશિયા વચ્ચે ૩૯ હજાર કરોડ રૂપિયાનાં એસ-૪૦૦ એર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનો કરાર થઇ શકે છે. આ ઉપઆઆ ઉપરાંત ભારત અને રશિયા અન્ય કેટલીક મહત્વની બાબતો પર પણ ચર્ચા હાથ ધરશે.

હવે નવી દિલ્હીમાં યોજાશે ભારત અને રશિયા વચ્ચે ૧૯મી વાર્ષિક બેઠક. તમામ બેઠકો દર્શાવે છે કે ભારત અને રશિયાના સંબંધો વધુ ગાઢ બની રહ્યા છે.

આ બેઠક દરમિયાન ભારત અને રશિયા વચ્ચે એસ-૪૦૦

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

સ્પે. દિવાળી ડીસ્કાઉન્ટ Air પેકેજ
અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટીકીટ
નવેમ્બર : ૩ થી ૧૧ દરરોજ ઉપડશે.
૩ સ્ટાર હોટલ બ્રેકફાસ્ટ-ડીનર
કેરાલા
મુન્નાર-થેકડી-કોવાલમ
એલપ્પી-ત્રિવેન્દ્રમ-ક. કુમારી
૭ રાત્રી-૮ દિવસ
શિવ ટ્રાવેલ્સ
સી.જી.રોડ અમદાવાદ
93746 31852
76006 55134

પ્રથમ માસિક પુણ્યતિથિ

મનીષભાઈ દશરથભાઈ અમીન

જન્મ તા. ૧૮.૧૦.૧૯૬૮ | **સ્વર્ગવાસ** તા. ૦૪.૦૯.૨૦૧૮

પ્રેમ, પરિવાર, સ્નેહ અને સંબંધના
તાણાવાણા તોડીને આમ કોઈ ચાલી જતું હશે ?
એકાકી અમને છોડીને એકાએક, સાવ અણધાર્યા,
આમ અચાનક કોઈ ચાલી જતું હશે ?

એક મહિનાની હર એક પળ
આપના સ્મરણથી સભર...

ઈશ્વર આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

મુકુંદભાઈ કનુભાઈ પટેલ
રોહિતભાઈ કનુભાઈ પટેલ

ભાવિન મુકુંદભાઈ પટેલ
(પનઘટ કલા કેન્દ્ર-ગાંધીનગર)
સૌમ્ય ભાવિન પટેલ

પ્રતિક રોહિતભાઈ પટેલ
(રંગોલી પ્રી. સ્કુલ-ગાંધીનગર)
સ્મિત પ્રતિક પટેલ

PARAM